ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ૯૬૬૩ નોંધો નિકાલ વિના પડતર છે : મહેસુલમંત્રી

**૧૫મા નાણાંપંચ અંતર્ગત ૨૦૨૧-૨૨માં રૂ. ૫૧૨.૩૨ લાખનો ખર્ચ થયો છે : આ અંતર્ગત ૨૪૬ જેટલા કામો પૂર્ણ થયા છે : પંચાયતમંત્રી**

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત વિધાનસભામાં આજે પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન ઉત્તેજનાનું વાતાવરણ ઓછુ જોવા મળ્યુ હતુ. આજે પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન જિલ્લાના ૪ પ્રશ્નો રજુ થયા હતા.

● **૧૫માં નાણાંપંચની ગ્રાન્ટ**

કલોલના ભાજપના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરે ૧૫માં નાણાંપંચ અંતર્ગત કલોલ તાલુકા અને ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયતમંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૨૧-૨૨માં ૧૫મા નાણાંપંચ અંતર્ગત તાલુકા પંચાયતને રૂ. ૨૨૦.૩૮ લાખ અને ગ્રામ પંચાયતોને ૨. ૭૭૧.૩૩ લાખની ગ્રાન્ટ ફાળવણી કરાઈ છે.

આ ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત દ્વારા ૧૩૬ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૩૧૯ કામોનું આયોજન કરાયુ હતુ. ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ તાલુકા પંચાયત દ્વારા ૯૨ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૧૫૪ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

મંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ તાલુકા પંચાયતના પૂર્ણ કામો પાછળ રૂ. ૧૪૯.૭૦ લાખ અને ગ્રામ પંચાયતો દ્વારા રૂ. ૩૬૨.૬૨ લાખનો ખર્ચ થયેલ છે.

● **હક્કપત્રક નોંધોનો નિકાલ**

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલમંત્રીએ જણાવ્યુ હતુ કે ૯૬૬૩ નોંધોનો ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ નિકાલ બાકી છે.

છેલ્લા એક વર્ષમાં પાડવામાં આવેલી નોંધો અંગેના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ ૭૮,૭૭૯ નોંધ પાડવામાં આવી છે. આ પૈકી ૬૬,૪૮૨ નોંધ મંજૂર કરવામાં આવી છે. જ્યારે ૨૬૩૪ નોંધ ના મંજૂર કરવામાં આવી છે.

નોંધ ના મંજૂર થવાના કારણો અંગેના પૂછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે સાત જેટલા કારણોસર નોંધ ના મંજૂર કરવામાં આવી છે. જેમાં નોંધના સંલગ્ન પુરાવા રજુ ન કરાયા હોવાથી, વેચાણના કિસ્સામાં ખેડૂત ખાતેદારના પુરાવા રજુ કર્યા ન હોવાથી, વર્ચેણીના કિસ્સામાં બોજા નોંધાયેલ હોવાથી, હક્ક કમીના કિસ્સામાં હિત સંબંધ ધરાવનાર તમામની ૧૩૫-ડી ની નોટીસમાં સહીઓ થયેલ ન હોવાથી, રેકર્ડ સાથે સુસંગત ન હોવાથી, ટુકડાધારાનો ભંગ થતો હોવાથી તેમજ જમીન પ્ર.સ.પ્ર. સત્તા પ્રકારની હોવાથી નોંધ અંગેની અરજી ના મંજૂર થઈ છે.

**વિધાનસભામાં ગાંધીનગર**

- પ્રકાશ જહા

● **આર.ટી.ઓ.નું મંજૂર મહેકમ**

ઝાલોદના મહેશભાઈ ભૂરિયાએ આર.ટી.ઓ. કચેરીના મંજૂર મહેકમ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વાહનવ્યવહાર મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં એ.આર.ટી.ઓ. કચેરી માટે ૫૨ કર્મચારીઓનું મહેકમ મંજૂર થયેલ છે.

૩૧-૧૨-૨૨ની સ્થિતિની ૧૪ જગ્યાઓ ગાંધીનગરમાં ખાલી છે. ભરતીની પ્રક્રિયા સતત ચાલતી હોય જેમ જેમ ઉમેદવારો ઉપલબ્ધ થશે તેમ ભરતી કરવામાં આવશે.

કાચી કેરી - ઉનાળાનો આરંભ થઈ ગયો છે... ઉનાળાના આરંભે જ નાગરિકો આકરી ગરમીમાં ઠંડક મેળવવા અનેક ઉપાયો અપનાવતા હોય છે... લીંબુ, શક્કર ટેટી, તડબૂચ જેવા ઉનાળુ ફળ બજારમાં આવી જતા હોય છે... ઉનાળાના આરંભની સાથે જ આજકાલ બજારમાં કાચી કેરીનું પણ આગમન થઈ ગયું છે... કેરી ફળોનો રાજા કહેવાય છે... સાથે સાથે આરોગ્ય વર્ધક કેરી ગુજરાતીઓ માટે તો પ્રથમ પસંદગીનું ફળ છે... કાચી કેરીની કટકી કરીને મીઠા-મરચાના મિશ્રણથી ભરપૂર સ્વાદિષ્ટ કટરી હવે ગુજરાતી થાળીમાં અવશ્ય જોવા મળશે.

## બજેટ વિશે વિશેષ બાબતો

# ગ્રોથ એન્જીન બજેટ માટે પાંચ પિલર્સ નિયત કરાયા

ગાંધીનગર, તા. ૨૪

ભૂપેન્દ્ર પટેલ સરકારનું વર્ષ ૨૦૨૩-૨૪નું રૂ. ૩ લાખ એક કરોડનું બજેટ આજે ગૃહમાં રજુ થયુ છે.

આ બજેટ ગુજરાતના ગ્રોથ એન્જીન માટે પાંચ પિલર્સ આધારિત છે. જેમાં શિક્ષણ માટે સૌથી વધુ ૪૩,૬૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૨૧,૬૦૫ કરોડ, માર્ગ-મકાન વિભાગ માટે રૂ. ૨૦,૬૪૨ કરોડ, શહેરી-વિકાસ અને ગૃહ નિર્માણ માટે રૂ. ૧૯,૬૮૫ કરોડ, આરોગ્ય પરિવાર કલ્યાણ માટે રૂ. ૧૫,૧૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ માટે ૧૦,૭૪૩ કરોડ, જળસંપત્તિ વિકાસ માટે ૯,૭૦૫ કરોડ, પાણી પુરવઠા માટે ૬ હજાર કરોડની જોગવાઈ છે.

બજેટમાં સરકારે ટુરિઝમ પર ભાર મુક્યો છે. જે અંતર્ગત સ્ટેચ્યુ ઓફ યુનિટીની જેમ સફેદ રણ, અંબાજી, ધરોઈ ડેમ, ગીર અભયારણ્ય અને દ્વારકાના શિવરાજપુર બીચને વધુ વિકસાવવા માટે ૫ વર્ષોમાં ૮ હજાર કરોડ ખર્ચાશે.

# પાણી ગટર વેરાના બિલ ન મળ્યા હોય તો પણ તંત્ર વેરો સ્વીકારશે

**જુની પાવતી કે બિલના આધારે વેરો ચુકવી દેવા માટે પણ અપીલ : આગામી તા ૩૧ માર્ચ સુધી વેરો ચુકવનારને વળતરનો લાભ મળશે**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં પાણી ગટરની માળખાગત સુવિધાને દાયકાઓ બાદ અપગ્રેડ કરવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. નવી લાઈન નાંખવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે જયારે પાણી ગટરની સેવા અન્વયે તંત્ર દ્વારા પ્રતિવર્ષ જોડાણકર્તાઓ પાસેથી એડવાન્સ વેરો વસુલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. હાલ પણ વેરા વસુલાત ઝુંબેશ ચાલુ છે. જે અન્વયે સેકટરોમાં બિલ વિતરણ કરી દેવાયુ છે. જયારે બીલ ન મળ્યા હોય તેવા કિસ્સામાં જુના બિલ કે પાવતીના આધારે પણ વેરો સ્વીકારવામાં આવશે. આગામી માર્ચ મહીના સુધી વેરો ચુકવનારને વળતરનો લાભ પણ મળશે.

ગાંધીનગરમાં પાણી ગટરની માળખાગત સુવિધા પુરી પાડવા માટે પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. હાલ તો સ્માર્ટ સીટી અન્વયે દાયકાઓ જુની ગટર લાઈન બદલવામાં આવી રહી છે. જયારે પાણીની પણ નવી લાઈન નાંખવામાં આવી રહી છે. આ પ્રોજેકટ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં એક અંદાજ મુજબ દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ છે. જયારે આ સુવિધાઓ વચ્ચે પણ સ્થાનિકો પાણી ગટર વેરાની નજીવી રકમ ચુકવવામાં પણ નિરસતા સેવી રહ્યા છે. જેના લીધે તંત્રના ચોપડે વર્ષો જુના બાકીદારોની યાદી અને આંકડો મોટો થતો જાય છે.

શહેરમાં હાલ પાણી ગટર વેરાની વસુલાત માટે સેકટરોમાં બિલ વિતરણ કરી દેવાયુ છે. જયારે તંત્ર દ્વારા વેરો વસુલવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. સે-૧૬ સ્થિત પાટનગર યોજના વિભાગની કચેરીએ પણ વેરો સ્વીકારવામાં આવે છે. વેરા વસુલાત ઝુંબેશ અન્વયે આગામી તા ૩૧ માર્ચ સુધી યોગ્ય વળતર પણ ચુકવવામાં આવશે. શહેરમાં અંદાજિત ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ છે. જેની સામે અંદાજે સવા બે કરોડનો વેરો વસુલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વેરા વસુલાત માટે બિલ વિતરણની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે.

આમછતા પણ જો કોઈ કિસ્સામાં જોડાણકર્તાઓને બિલ ન મળ્યુ હોય તો જુના બિલની પાવતીના આધારે વેરો સ્વીકારી લેવામાં આવશે. દરવર્ષે પાણી ગટર વેરાની વસુલાતના અંતે માંડ ૪૫ ટકા જેટલી જ વસુલાત થાય છે. જો કે વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ વર્ષ દરમિયાન જોડાણકર્તાઓ વેરો ચુકવવા માટે તંત્રની કચેરીએ આવતા હોય છે પરંતુ છુટક વસુલાત ચાલુ હોવાછતા સમગ્ર વર્ષના અંતે પણ વેરા વસુલાતની કામગીરી ૫૫ ટકાથી આગળ વધી શકતી નથી. જયારે લાંબા સમયના અંતે પણ વેરા વસુલાતની પ્રકીયા ઓનલાઈન કરવાની યોજના પણ હજુ સાકાર થઈ નથી.

# આજે છાલા ખાતે મેગા આયુષ મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના છાલા ખાતે આજે મેગા આયુષ મેળાનું આયોજન પંચાયતની આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યુ છે.

શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ ખાતે યોજાયેલ આ આયુષ મેળામાં સવારે ૯ થી ૯.૪૫ દરમ્યાન ખાસ યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે.

નિઃશુલ્ક આ આયુષ મેળામાં આયુર્વેદ, યોગ, યુનાની, સિદ્ધ અને હોમીયોપેથી એમ પાંચ અક્સીર ચિકિત્સા પદ્ધતિઓની સેવાઓ આપવામાં આવશે. આ કેમ્પમાં નાડી પરીક્ષણ, હરસ, મસા, ભગંદર, અગ્નિકર્મ, રક્તમોક્ષણ, વિદ્રધકર્મ, દંતોત્પાદન, ચર્મ ચિકિત્સા, પંચકર્મ, સ્ત્રીરોગ અને ગર્ભ સંસ્કાર, ચામડીના રોગ, બાલરોગ, લાઈફ ડિસ ઓર્ડર તેમજ પ્રકૃત્તિ પરીક્ષણ કરી આપવામાં આવનાર હોવાનું આયુર્વેદ અધિકારીની યાદીમાં જણાવાયુ છે.

માણસા ખાતે આયુષ મેળાને મળેલ જોરદાર પ્રતિસાદ પછી છાલા ખાતેનો આ મેગા કેમ્પને પણ સારો પ્રતિસાદ મળશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. આ માટે પ્રચાર પ્રસાર પણ સઘન રીતે કરવા ઉપરાંત સેવાભાવી સંસ્થાઓનો પણ સહયોગ લેવામાં આવ્યો છે.

આ આયુષ મેળામાં એક ખાસ પ્રદર્શન પણ યોજવામાં આવનાર છે જેમાં ઋતુચર્યા, દિનચર્યા, પંચકર્મ, વનસ્પતિ પ્રદર્શન, યોગ અંગે પ્રદર્શન ઉભુ કરવામાં આવ્યુ છે. આ કેમ્પમાં બી.પી. અને ડાયાબીટીસનું ચેકઅપ પણ કરી આપવામાં આવનાર છે.

આ આયુષમેળાનું અધ્યક્ષસ્થાન પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ સંભાળનાર છે જ્યારે ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર મેળામાં શ્રીમતિ મીનાબેન ઠાકોર ચેરમેન આરોગ્ય સમિતિ અને પૂર્વ જિ.પં. પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

# જિલ્લામાં બે વર્ષમાં ૭૮૮૩ અરજીઓ બિનખેતીની તંત્રને મળી છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં બિનખેતી માટે છેલ્લા બે વર્ષમાં ૭૮૮૩ અરજીઓ જિલ્લાતંત્રને મળી છે.

રાજ્યના મહેસુલ વિભાગ સંભાળતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે માણસાના ભાજપના ધારાસભ્ય જે.એસ. પટેલના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

સભ્યના લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે જે અરજીઓ મંજૂર કરવામાં આવી છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૧૯૭૦, કલોલમાં ૧૨૪૩, દહેગામમાં ૩૭૨ અને માણસામાં ૨૨૫ અરજીઓનો સમાવેશ થાય છે.

# નગર ચ-માર્ગના રીસરફેસિંગનું કામ હવે, મેટ્રો રેલ કંપની કરશે

**હાલ મેટ્રો રેલની કામગીરીને અનુલક્ષી રૂટમાં ઠેર ઠેર ડાઈવર્જન અપાયા છે પ્રોજેક્ટના અંતે રીસર્ફેસિંગ નું કામ હાથ ધરાશે**

ગાંધીનગરમાં ગોમ માર્ગને કરવાની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે જેના અંતે શહેરના તમામ માર્ગે સિક્સલેન થઈ ગયા છે જોકે હાલ શહેરમાં પાણી ગટરની નવી લાઈન નાખવાનું કામ ચાલુ હોવાથી ઠેર ઠેર ખોદકામ થઈ રહ્યું છે જેના લીધે સેક્ટરોના આંતરિક માર્ગ નું કામ હાથ ધરવામાં વિલંબ થયો છે ચ રોડ પરથી મેટ્રો ટ્રેન પસાર થવાની છે ત્યારે. કામગીરી ને અનુલક્ષી આ માર્ગ પર ડાઈવર્ઝન અપાયા છે. જો માર્ગના રીસર્ફેસિંગ ની કામગીરી પણ બાકી છે માર્ગ પર ચ ૦ સર્કલથી ચ ૩ સર્કલ સુધી આ માર્ગને રીસર્ફેસ કરવાની જવાબદારી હવે ગાંધીનગર, અમદાવાદ મેટ્રો રેલ કંપની દ્વારા પ્રોજેક્ટના અંતે હાથ ધરાશે

સ્માર્ટ સિટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ કામો હાથ ધરાયા છે સેક્ટરોના એપ્રોચ રોડના વાઈડનીંગ સાથે પાણી ગટરની માળખાગત સુવિધાની નવી લાઈનનું કામ પણ ચાલી રહ્યું છે પરિવહન સંબંધિ યોજનાઓને લઈને નગરના રોડ એન્જીનિયરીંગમાં પણ નોંધપાત્ર બદલાવ થઈ રહ્યો છે. અમદાવાદમાં મેટ્રો ટ્રેન દોડતી કરવામાં આવ્યા બાદ હવે ગાંધીનગરમાં બે રૂટ પર કામ હાથ ધરાયું છે. એક રૂટ ગિફ્ટ સિટી સુધી અને બીજા રૂટમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેનને લઈ જવાનો છે. જેના પગલે ગાંધીનગર અને અમદાવાના શહેર વિસ્તારો રેલ રસ્તે પણ જોડાણ મેળવવાના છે. તેના અંતર્ગત સેક્ટર વિસ્તારમાં માર્ગ નંબર ૫ અને ચ રોડ પર મોટા પાયે કામગીરી હાથ ધરાઈ છે. ટ્રાફિકથી ધમધમતા ચ માર્ગ પર તો મેટ્રો ટ્રેન માટેના બ્રિજના બાંધકામ શરૂ કરી દેવાયા છે અને સુરક્ષાના કારણોને લઈને માર્ગ પર ડાઈવર્ઝન અપાયા છે. આવા સંજોગોમાં નવીનીકરણની યોજનામાં ચ રોડ પર ચ ૦ સર્કલથી ચ ૩ સર્કલ સુધીના રૂટમાં માર્ગનું કામ થઈ શક્યું નથી

ટ્રાફિક થી ધમધમતા નગરના મુખ્ય ૬ માર્ગના રીસરફેસિંગ નું કામ લાંબા સમયથી થઈ શક્યું નથી. છેલ્લે પાંચ વર્ષ પહેલા થયુ હતું. જ્યારે હવે આ માર્ગને રિસર્ફેસ કરવાની જવાબદારી સરકાર દ્વારા મેટ્રો રેલ કંપનીને જ સોંપી દેવાઈ છે. તેની જાણ પાટનગર યોજના વિભાગને પણ કરી દેવાઈ છે. પરંતુ મેટ્રોની કામગીરીના અંતે જો માર્ગની રીસર્ફેસિંગ નું કામ હાથ ધરાશે.

## શહેરમાં સ્ટ્રીટલાઈટોનો પ્રશ્ન ન ઉકેલાતાં લોકોમાં રોષની લાગણી

**સ્માર્ટસીટી, પાટનગર યોજના અને ટોરેન્ટ પાવર સમસ્યાને લઈ એક બીજાને ખો આપી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટની સમસ્યાનો ઉકેલ ન આવતો હોવાથી હવે આંદોલન કરવાની વિચારણા વસાહતીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

સ્ટ્રીટલાઈટને લઈ સ્માર્ટસીટી પ્રોજેક્ટ, ટોરેન્ટ પાવર અને પાટનગર યોજના વિભાગની ઈલેક્ટ્રીકલ શાખા બધા એકબીજાને ખો આપી રહ્યા છે અને પ્રશ્ન ઉકેલવામાં કોઈને રસ ન હોવાથી લોકોની પરેશાની વધી રહી છે.

સે. ૧૭માં એક્ઝીબીશન સેન્ટરથી ઘ-રોડને જોડતા પંચાયતથી ઘ-રોડ સુધીના માર્ગ પર છેલ્લા ૧૫ દિવસથી સ્ટ્રીટલાઈટો બંધ છે. આ ઉપરાંત સે. ૨૬ કિસાનગરમાં પણ છેલ્લા ૧૫ દિવસથી સ્ટ્રીટલાઈટો બંધ છે.

શહેરના અન્ય વિસ્તારોમાં પણ સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો સતત વધી રહી છે જો કે તંત્રની સંવેદનશીલતા આ મુદ્દે જતી રહી હોય તેમ લાગી રહ્યુ છે.

શહેરમાં સ્ટ્રીટલાઈટોના રિપેરીંગ માટે તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે તેવી લોકોની લાગણી છે. રાત્રિના સમયે માર્ગો પરથી પસાર થવામાં પણ લોકોને ભય લાગી રહ્યો છે.

શહેરના સેક્ટરના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટો તો બંધ હોય છે. સાથે સાથે નવા ગાંધીનગરના રીંગ રોડ પર ઘણી વખત વારંવાર સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાની ફરિયાદો ઉઠવા પામી હતી. છેલ્લા બે - ત્રણ દિવસ પહેલા જ ગાંધીનગરના મુખ્ય માર્ગ એવા ચ-માર્ગ પર પણ સ્ટ્રીટ લાઈટો બંધ રહી હોવાની ફરિયાદ ઉઠી હતી.

# સેકટરોમાં આડેધડ ખોદકામ ઠેર ઠેર માટીના ઢગ ખડકાયા

**રહીશો આગ બબુલા : જન આરોગ્ય પર વિપરિત અસર : શહેરમાં ખોદકામ બાદ પાકુ પુરાણ ન થતા સેકટરવાસીઓ ત્રાહીમામ : સે- ૫ માં પણ ઠેર ઠેર માર્ગો ખુંદાયેલી હાલતમાં : પુશ-થ્રુ મેથડ અપનાવાય તે માટે પણ પાટનગર યોજના વિભાગે પત્ર લખ્યો**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરના સેકટરોમાં હાલ ઠેર ઠેર ખાડા ટેકરા જોવા મળે છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગો ખુંદાયેલી હાલતમાં હોવાથી સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે. પાણીની લાઈન નાંખવાની કામગીરી બાદ તુરંત જ સિમેન્ટ કોક્રીટ કે ડામર કામ કરીને યોગ્ય પુરાણ કરવા માટે ટીમ પણ કામે લગાડવામાં આવે તે મામલે પાટનગર યોજના વિભાગે બોર્ડ તેમજ મહાનગરપાલિકાને પત્ર લખી જાણ કરવામાં આવી છે. જો કે હાલ શહેરના આંતરિક માર્ગોની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે જન આરોગ્ય સામે ખતરો ઉભો થયો હોવાના આક્રોશ સાથે તંત્ર સમક્ષ રોજબરોજ સ્થાનિકો દ્વારા રજુઆત કરવામાં આવે છે. જયારે તંત્ર કક્ષાએથી પણ બોર્ડને શકય હોય ત્યાં સુધી રોડ ખોદયા વિના પુશ થ્રુ મેથડ અપનાવી માર્ગની સાઈડમાં કામ કરવા માટે પણ જણાંવાયુ છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. સેકટરોમાં દાયકાઓ જુની લાઈન બદલીને નવી લાઈન નાંખવામાં આવી રહી છે. ત્યારે આ કામગીરી દરમિયાન સેકટરોમાં ઠેર ઠેર ખાડા ખોદવામાં આવી રહ્યા છે. નવા સેકટરોમાં માર્ગો જ ખુંદી નાંખવામાં આવતા સ્થાનિકોએ ઘર આંગણે જ કઈ દીશામાં જવુ તેની ખબર પડતી નથી જયારે સેકટરોના રહેણાંક વિસ્તારમાં સતત ધુળિયુ વાતાવરણ રહેતા સ્થાનિકોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. સેકટરવાસીઓને ખાંસી અને દમની તકલીફો સતાવી રહી છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોને હાલાકી ન વેઠવી પડે તેવી કાર્યપધ્ધતિ અપનાવવા માટે પણ પાટનગર યોજના વિભાગે પત્ર લખ્યો છે. રોડના બન્ને સાઈડથી ખોદકામ કરીને પાઈપલાઈન નાંખવાની કામગીરી પણ ખર્ચાળ પુરવાર થાય છે. જેના લીધે કોન્ટ્રાકટરો પણ ગાંઠતા નથી. ત્યારે શકય હોય ત્યાં સુધી પુશ થ્રુ મેથડ અપનાવી જ હીતાવહ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરના સેકટરોમાં ઠેર ઠેર નવી લાઈન માટે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# સરકાર જ આપશે લોન, ભૂપેન્દ્ર પટેલ સરકારે લીધો મોટો નિર્ણય

**ફેરિયા અને નાના વેપારીઓને અપાશે લોન : પોલીસે વ્યાજખોરો સામે કરેલી ડ્રાઈવમાં ૧૫૪ વ્યાજખોરો સામે ૬૭ ગુના નોંધી ૧૦૭ લોકોની ધરપકડ**

ગાંધીનગર, તા.૨૪

રાજ્ય સરકાર દ્વારા વ્યાજખોરીને ડામવા માટે છેલ્લા કેટલાક સમયથી અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. ત્યારે વ્યાજખોરોના વિષચક્રમાંથી લોકોને મુક્તિ અપાવવા રાજ્ય સરકાર નાના વેપારીઓને ધિરાણ આપવાની શરૂઆત કરવા જઈ રહી છે. જે અંતર્ગત ૪ હજારથી વધુ ફેરિયાઓને આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધિરાણપત્ર આપવામાં આવશે.

ફેરિયાઓ અને નાના વેપારીઓને સરકારી યોજના હેઠળ ૧૦ હજાર, ૨૦ હજાર અને ૫૦ હજાર સુધીની લોન અપાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે. પોલીસ દ્વારા ફેરિયાઓ સુધી પહોંચવા માટે વિવિઝ વિસ્તારમાં લોન મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧૨ હજાર કરતા વધુ ફરિયાએ લોન માટે ફોર્મ ભર્યા હતા. જેમાંથી ૪ હજાર ૨૦૦થી વધુ ફેરિયાઓની લોન મંજૂર કરવામાં આવી છે. જેના ધિરાણ પત્ર શનિવારે સાયન્સ સીટી ખાતે મુખ્યમંત્રીના હસ્તે આપવામાં આવશે.ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેર પોલીસે વ્યાજખોરો સામે કરેલી ડ્રાઈવમાં ૧૫૪ વ્યાજખોરો સામે ૬૭ ગુના નોંધી ૧૦૭ લોકોની ધરપકડ કરી છે તેમજ ૪૬ લોકોની તપાસ પણ ચાલુ છે.રાજ્યમાં વ્યાજખોરો સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ થોડા દિવસ અગાઉ જણાવ્યું હતું કે, વ્યાજખોરો કે વ્યાજનું રેકેટ ચલાવનારે ગુજરાત છોડવું પડશે. વ્યાજખોરોને ગુજરાત બહાર ભાગી જવા સિવાય હવે કોઈ રસ્તો નથી. વ્યાજનું દૂષણ ગુજરાતમાં નહી ચલાવી લેવાય. અવિરત અભિયાન ચલાવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

થોડા સમય પહેલા સુરત ખાતે પણ પોલીસ દ્વારા પોલીસના કોમ્યુનિટી હોલમાં લોન મેળાનું આયોજન કરાયું હતું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com